પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૫૮ | ૧૮ ઓગસ્ટ, ૨૦૨૨, ગુરૂવાર; શ્રાવણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# બનાસકાંઠામાં આભ ફાટ્યું : ભારે તબાહી

**પાલનપુર-આબુરોડ હાઇવે બંધ : બનાસકાંઠા જિલ્લામાં મેઘતાંડવના કારણે અનેક ગામડાઓ જળમગ્ન : ભારે વરસાદના કારણે પાલનપુરનો ગણેશપુરા આંબાવાડી વિસ્તાર બેટમાં ફેરવાયો છે, નીચાણવાળા ઘરોમાં પાણી ઘુસી જતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે**





બનાસકાંઠા,તા.૧૭

ગુજરાતમાં હાલ સર્વત્ર ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. ત્યારે બનાસકાંઠા, કચ્છ અને પાટણના વિવિધ વિસ્તારોમાં અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. આ વચ્ચે બનાસકાંઠાના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે. કેડ સમા પાણી ભરાતા પાલનપુર-આબુરોડ હાઈવે ઉપર કેડ સમાં પાણી ભરાતા હાઈવે બંધ કરાયો છે. બનાસકાંઠા જિલ્લામાં ૨ દિવસથી સતત સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે, જેને લઈને જિલ્લાના અનેક પંથકોમાં પાણી ભરાયા છે. ત્યારે આજે પાલનપુરમાં વહેલી સવારથી વરસેલા ધોધમાર વરસાદના કારણે પાલનપુર - આબુરોડ હાઈવે ઉપર કેડસમાં પાણી ભરાઈ જતા હાઈવે બેટમાં ફેરવતા હાઈવેના એક બાજુના માર્ગને બંધ કરી દેવાયો છે. તો બીજી બાજુના માર્ગ ઉપર ફક્ત મોટા વાહનોને જ પસાર થવા દેવામાં આવી રહ્યા છે. હાઈવેના બંને બાજુના માર્ગો ઉપર પોલીસ ઉભી રખાઈ છે. જેથી નાના વાહનો હાઈવે પરથી પસાર ન થાય. જોકે હાઈવે ઉપર પાણી ભરાતા ૫ કિલોમીટર લાંબી વાહનોની કતારો લાગો છે. તો કોઈ વાહન ન ફસાય તો તેને નીકળવા માટે ક્રેન પણ તૈનાત કરાઈ છે. સાંતલપુરના અબીયાણા ગામ નજીક બનાસ નદીના ડીપમાં પણ પાણી આવી ગયુ છે. બનાસકાંઠામાં ભારે વરસાદને લઈ ડીપમાં પાણીનું વહેણ આવ્યું છે. અબીયાણા ગામથી ઉપરવાસના ૧૦ ગામો આ પાણીના ભારે વહેણને કારણે પ્રભાવિત થયા છે. ઉપરવાસના ૧૦ ગામોમાં જવાના રસ્તા પર બનાસ નદીના પાણી ફરી વળ્યાં છે. ઉપરવાસના ૧૦ ગામોના લોકોને અવર જવર કરવી મુશ્કેલ બની છે. પાલનપુરમાં ધોધમાર વરસાદને લઈને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. ભારે વરસાદના કારણે પાલનપુરનો ગણેશપુરા આંબાવાડી વિસ્તાર બેટમાં ફેરવાયો છે. નીચાણવાળા ઘરોમાં પાણી ઘુસી જતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તો ઈકબાલ ગઢ ગામમાં ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારમાં આવેલ ઘર પાણીમાં ડૂબ્યા છે. નાળીવાસ વિસ્તારના મોટા ભાગના ઘરો પાણીમાં ગરકાવ થયેલા દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. જિલ્લામાં હજુ ભારે વરસાદની શક્યતાના પગલે તંત્ર એલર્ટ છે.

### ૨૦૧૭ પછી બાલારામ નદીએ રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું

જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકથી ભારે વરસાદ વરસી રહ્યો છે. આ સાથે ઉપરવાસમાંથી પણ સતત પાણી આવી રહ્યું છે. જેના કારણે બાલારામ નદીમાં પાણીનો પ્રવાહ વધ્યો છે. આ સાથે પાલનપુરથી આબુ રોડ તરફ જવાના હાઈવે પર પણ ચાર ફૂટ જેટલા પાણી ભરાઈ ગયા છે. જેના કારણે મલાણા ચોકડી પાસે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા છે. પાલનપુરથી આબુ રોડ તરફ જવાના હાઈવે પર ચાર ફૂટ પાણી ભરાતા સાતથી આઠ કલાકથી ટ્રાફિક જામ થયો છે. બનાસકાંઠા સહિત ઉપરવાસમાં ભારે વરસાદને લઈ બાલારામ નદીમાં પાણીનો પ્રવાહ વધ્યો છે. બાલારામ નદીમાં વહેણ વધતા દર્શનાર્થીઓને નદી નજીક ન જવા સૂચના આપવામાં આવી છે. મોડી રાત્રે પડેલા ભારે વરસાદને લઈ નદીમાં પાણીનો પ્રવાહ વધ્યો છે. પછી આજે બાલારામ નદીએ રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે.

## ધરોઈ ડેમની જળ સપાટી ૬૧૬.૭૬ ફૂટે પહોંચતા એલર્ટ

**ધરોઈ ડેમ ૬૨૨ ફૂટે ઓવર ફ્લો થાય છે, હાલ ૭૦% પાણી સ્ટોર થતાં નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા**



મહેસાણા, તા.૧૭

ઉત્તર ગુજરાતની જીવાદોરી સમાન ધરોઈ ડેમની જળસપાટીમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં ૭૫ ટકા કરતા વધુ વરસાદ વરસી ચુક્યો છે. સાથે જ ભારે વરસાદના કારણે ગુજરાતના જળાશયોમાં પાણીનો સારો એવો સંગ્રહ થયો છે. ઉપરવાસમાં ભારે વરસાદને લઈ ધરોઈ ડેમની જળસપાટીમાં સતત વધારાને લઈ નીચાણવાળા વિસ્તારોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ધરોઈ ડેમની જળસપાટી ૬૧૬.૭૬ ફૂટે પહોંચતા ડેમ હાલ વોનિગ્ લેવલ પર છે. ધરોઈ ડેમ ૬૨૨ ફૂટે ઓવર ફલો થાય છે ડેમમાં હાલ ૭૦% જેટલું પાણી સ્ટોર થતાં નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા છે.

## નર્મદા ડેમમાંથી પાણી છોડાતાં ભરૂચમાંથી ૮૦૦ના સ્થળાંતર

**નર્મદાના જળસ્તર ભયજનક સપાટી નજીક પહોંચ્યા : નીચાણવાળા વિસ્તારોની શાળાઓમાં રજા જાહેર કરાઈ**

ભરૂચ, તા.૧૭

નર્મદાના જળસ્તર ભયજનક સપાટી નજીક પહોંચ્યા છે. નીચાણવાળા વિસ્તારોમાંથી વહીવટી તંત્ર સ્થળાંતરની કામગીરી શરૂ કરાઈ છે. નર્મદા ડેમમાંથી ૫ લાખ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે, જેથી ભરૂચ શહેરમાંથી કુલ ૮૦૦ લોકોનું સ્થળાંતર કરવાની જરૂર પડી છે. નર્મદાની વધતી સપાટી પર તંત્રની ચાંપતી નજર છે. જેથી નીચાણવાળા વિસ્તારોમાં આવેલી શાળાઓમાં તંત્ર દ્વારા રજા જાહેર કરાઈ છે. તો ઐતિહાસિક ગોલ્ડન બ્રિજની સપાટી ૨૪ ફૂટને પહોંચી ગઈ છે. ગોલ્ડન બ્રિજની ભયજનક સપાટી ૨૪ ફૂટ છે.

**ઐતિહાસિક ગોલ્ડન બ્રિજની સપાટી ૨૪ ફૂટને પહોંચી ગઈ છે**

ભરૂચમાં નર્મદાના જળસ્તર ભયજનક સપાટીએ સતત વધી રહ્યાં છે. જેને પગલે ગોલ્ડન બ્રિજ પાસેના ઝૂંપડપટ્ટી અને દાંડિયા બજારમાં પાણી ઘુસ્યા છે. સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૩૪.૩૨ મીટર પહોંચી છે. પાણીની આવક ૫,૯૩,૭૪૯ ક્યુસેક નોંધાઈ છે. ઉપરવાસના ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમમાંથી સતત પાણી છોડાતા આવક વધી છે. ૨૩ દરવાજા ૩.૨૫ મીટર ખોલી ૫,૦૦,૦૦૦ક્યુસેક અને રીવરબેડ પાવરહાઉસ ના ૬ ટર્બાઈન મારફતે ૪૪,૪૬૨ ક્યુસેક નદીમાં છોડાઈ રહ્યું છે. અત્યાર સુધી નદીમાં કુલ જાવક ૫,૪૪,૪૬૨ ( દરવાજા પાવરહાઉસ) ક્યુસેક રહેશે. કેનાલ હેડ પાવરહાઉસમાંથી ૧૮,૬૦૫ ક્યુસેક પાણી કેનાલમાં છોડાઈ રહ્યું છે. ડેમમાં પાણીનું લાઈવ સ્ટોરેજ ૪૪૦૦.૨ એમસીએમછે.

## ભાજપ સંસદીય બોર્ડમાંથી નિતીન ગડકરી-શિવરાજસિંહની બાદબાકી

**ભાજપના સંસદીય બોર્ડમાં મોટા ફેરફાર : બંને મંત્રી ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિમાંથી બહાર : યેદિયુરપ્પા, સુધા યાદવ, સર્બાનંદ સોનોવાલ, કે. લક્ષ્મણ નવા સદસ્ય તરીકે સંસદીય બોર્ડમાં**

નવી દિલ્હી, તા.૧૭

ભાજપના સંસદીય બોર્ડમાં ભારે મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ પાર્ટીના સંસદીય બોર્ડની જાહેરાત કરી છે. કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી તથા મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણને સંસદીય બોર્ડમાંથી દૂર કરી દેવામાં આવ્યા છે. સાથે જ આ બંને મંત્રીઓને ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિમાંથી પણ બહાર કરી દેવામાં આવ્યા છે. બોર્ડમાંથી ગડકરી અને શિવરાજસિંહ ચૌહાણને દૂર કરવામાં આવ્યા છે જ્યારે બીએસ યેદિયુરપ્પા, સુધા યાદવ, ઈકબાલ સિંહ લાલપુરા, સર્બાનંદ સોનોવાલ, કે. લક્ષ્મણને નવા સદસ્ય તરીકે સંસદીય બોર્ડમાં સ્થાન આપવામાં આવ્યું છે.



પાર્ટીના પૂર્વ અધ્યક્ષ નિતિન ગડકરીને પાર્ટીની સૌથી શક્તિશાળી બોડીમાંથી બહારનો રસ્તો દેખાડી દેવાયો છે. સાથે જ ભાજપની ચૂંટણી સમિતિમાંથી પણ દૂર કરવામાં આવ્યા છે. ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિમાંથી શિવરાજ સિંહ ચૌહાણ, ગડકરી તથા શાહનવાજ હુસૈનને દૂર કરવામાં આવ્યા છે. જ્યારે ભાજપના પ્રમુખ જેપી નડ્ડા તે સમિતિના અધ્યક્ષ ગણાશે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવસીને ભાજપના બીજા નંબરના સૌથી શક્તિશાળી બોડીમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ બોડીમાં રાજસ્થાનના નેતા ઓમ માથુર તથા વન મંત્રી ભૂપેન્દ્ર યાદવને પણ સામેલ કરવામાં આવ્યા છે. ફડણવીસે શિવસેનાના બળવાખોર નેતા એકનાથ શિંદે સાથે મળીને રાજ્યમાં સરકાર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ બંને નવી યાદીઓનું રાજકીય સ્તરે ખૂબ જ મહત્વ જણાઈ રહ્યું છે. ભાજપે તાજેતરમાં જ મહારાષ્ટ્રમાં શિવસેનાની ટીમ શિંદે સાથે મળીને સરકાર રચી છે. આ સરકારમાં એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે જ્યારે ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસને નાયબ મુખ્યમંત્રી તરીકે સંતોષ માનવો પડ્યો છે.

## હરિયાણામાં પણ ભાજપ-જેજેપી વચ્ચે તડાં થવા વકી

**જેજેપીના પ્રદેશ અધ્યક્ષે ૨૦૨૪માં નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાને આગામી મુખ્યમંત્રી બનાવવા વાત કરી**

ચંદીગઢ, તા.૧૭

બિહારમાં નીતીશ કુમારે એનડીએસાથે છેડો ફાડીને મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યા બાદ આરજેડી-કોંગ્રેસ ગઠબંધન સાથે મળીને સરકાર બનાવી છે. ત્યારે બિહારમાં થયેલા સત્તા પરિવર્તન બાદ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના સહયોગી દળો સતત ભગવા પાર્ટી પર દબાણ બનાવવા પ્રયત્નો કરી રહ્યા હોવાનું જણાય છે. તેની અસર હરિયાણામાં પણ જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે, હરિયાણામાં ભાજપ જનનાયક જનતા પાર્ટી (જેજેપી) સાથે મળીને સરકાર ચલાવી રહી છે. જેજેપીના પ્રદેશ અધ્યક્ષ નિશાન સિંહે વર્ષ ૨૦૨૪માં નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાને હરિયાણાના આગામી મુખ્યમંત્રી બનાવવાની વાત કરી છે. નિશાન સિંહે જણાવ્યું હતું કે, 'સૌ કોઈ આગળ વધવા ઈચ્છે છે અને મને તેમાં કશું ખોટું નથી લાગતું. તથા રાજ્યના દરેક પાર્ટી કાર્યકરો અને યુવાનો ઈચ્છે છે કે દુષ્યંત ચૌટાલા રાજ્યના આગામી મુખ્યમંત્રી બને.'

નિશાન સિંહે તે પહેલા કરનાલ ખાતે રાજ્ય મંત્રી અનૂપ ધાનક સાથે પાર્ટીના નેતાઓની મુલાકાત લીધી હતી અને તેમને પંચાયતની ચૂંટણી માટે તૈયાર રહેવા જણાવ્યું હતું. જોકે તેમણે બીજેપી-જેજેપીગઠબંધનમાં પંચાયતની ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. જોકે ધાનકે કહ્યું હતું કે, અંતિમ નિર્ણય પાર્ટીના કાર્યકરો અને નેતાઓ સાથે સલાહ-ચર્ચા બાદ લેવામાં આવશે.

આદમપુર પેટાચૂંટણી અંગે એક સવાલનો જવાબ આપતા કહ્યું હતું કે, તેઓ તારીખની જાહેરાત બાદ નિર્ણય લેશે. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ રાજ્યમાં પોતાની જમીન ગુમાવી ચુકી છે અને તે કેડર બનાવવામાં અસફળ રહી છે.

## કિસાનોને મળશે સસ્તી લોન અને વ્યાજ ઉપર ૧.૫% છૂટ

**કિસાનો માટે સરકારની મોટી જાહેરાત : જે કિસાનોએ શોર્ટ ટર્મ લોન લીધી છે તેને સમયથી લોન ચુકાવવા ઉપર વ્યાજમાં ૧.૫ ટકાની છૂટ મળશે**

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકારે કિસાનો માટે મોટી જાહેરાત કરી છે. કેબિનેટે ઓછા સમયગાળાની લોન સમયસર ચુકવનાર કિસાનો માટે ઈન્ટરેસ્ટ સબવેન્શન સ્કીમ ને યથાવત રાખી છે. તેવામાં જે કિસાનોએ ત્રણ લાખ રૂપિયા સુધીની લોન શોર્ટ ટર્મ માટે લીધી છે, તેને વ્યાજમાં ૧.૫ ટકાની છૂટ મળશે. તે માટે સરકારે બજેટમાં ૩૪૮૪૬ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. ઈન્ટરેસ્ટ સબવેન્શન, એટલે કે લોનનું વ્યાજ ચુકાવવા પર કિસાનોને દોઢ ટકાની છૂટ મળશે, તેની ભરપાઈ માટે સરકાર આ ચુકવણી સીધી લોન આપનારી બેંક અને સહકારી સંસ્થાઓને કરશે.

તમને જણાવી દઈએ કે સરકાર તરફથી સહકારી સમિતિઓ અને બેંકો દ્વારા કિસાનોને ઓછા વ્યાજ પર શોર્ટ અને લોન્ગ ટર્મ માટે લોન આપવામાં આવે છે. આ લોનને ઘણા કિસાન સમય પર ચુકવી દે છે અને જ્યારે ઘણા કિસાન કોઈ કારણોસર લોન ચુકવી શકતા નથી. તેવામાં જે કિસાન સમય પર લોન ચુકવી આપે છે, તેવા કિસાનો માટે વ્યાજ અનુદાન યોજના અનુદાન એટલે કે ઈન્ટરેસ્ટ સબવેન્શન સ્કીમનો ફાયદો મળશે.

હાલ સરકાર કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ ઓછા વ્યાજે લોન આપે છે. જે કિસાનોની પાસે ક્રેડિટ કાર્ડ નથી તે પોતાના ક્ષેત્રમાં જઈને પોતાનું કિસાન ક્રેડિટ કાર્ડ બનાવી શકે છે. જો કોઈ કિસાન, કિસાન ક્રેડિટ કાર્ટ દ્વારા લોન લે છે તો તેને ૪ ટકાના વ્યાજ દર પર ત્રણ લાખ રૂપિયા સુધીની લોન મળી જાય છે. એટલું જ નહીં કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા પીએમ કિસાન સન્માન નિધિનો પણ ફાયદો મળે છે.

## હિમાચલમાં પાંચ કલાકમાં ભૂકંપના બે આંચકા આવ્યા

શિમલા, તા.૧૭

હિમાચલ પ્રદેશમાં બુધવારે સવારે ભૂકંપનો આંચકો આવ્યો હતો. રાજ્યના બે જિલ્લામાં બે વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. રાજ્યની રાજધાની શિમલાના કોટખાઈના ગોહાચ અને મંડી જિલ્લાના સુંદરનગરની જયદેવીમાં આ આંચકા અનુભવાયા હતા. શિમલાના હવામાન કેન્દ્રે ભૂકંપની પુષ્ટિ કરી છે. આ દરમિયાન કોઈ જાનહાનિના નુકસાનના સમાચાર નથી. તમને જણાવી દઈએ કે, આ પહેલા રવિવારે ચંબામાં ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર શિમલાના કોટખાઈના ગોહાચ વિસ્તારમાં બુધવારે મોડી રાત્રે ૨:૪૭ વાગ્યે ભૂકંપ આવ્યો હતો.

## કોંગ્રેસની પ્રદેશ પ્રચાર સમિતિના અધ્યક્ષપદેથી આઝાદનું રાજીનામું

**આ સાથે જ તેમણે જમ્મુ કાશ્મીરમાં પાર્ટીના રાજકીય મુદ્દાઓની સમિતિની સદસ્યતામાંથી પણ ત્યાગપત્ર આપ્યો**

નવી દિલ્હી, તા.૧૭

જમ્મુ કાશ્મીરના રાજકારણમાં ભારે મોટી હલચલ જોવા મળી છે. દિગ્ગજ કોંગ્રેસી નેતા ગુલામ નબી આઝાદે જમ્મુ કાશ્મીર કોંગ્રેસની પ્રચાર સમિતિના અધ્યક્ષ પદેથી રાજીનામુ આપી દીધું છે. પ્રચાર સમિતિના અધ્યક્ષ પદે નિયુક્તિના અમુક કલાકોમાં જ તેમણે રાજીનામુ આપી દીધું હતું. આ સાથે જ તેમણે જમ્મુ કાશ્મીરમાં પાર્ટીના રાજકીય મુદ્દાઓની સમિતિની સદસ્યતામાંથી પણ ત્યાગપત્ર આપી દીધું છે.

ગુલામ નબી આઝાદે કયા કારણસર રાજીનામુ આપ્યું તે હજુ સ્પષ્ટ નથી થયું. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસે ગુલામ નબીના નજીકના ગણાતા વકાર રસૂલ વાનીને મંગળવારના રોજ પોતાના જમ્મુ કાશ્મીર એકમના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા હતા. પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીએ ૪૭ વર્ષીય વાનીને તે મહત્વપૂર્ણ જવાબદારી સોંપવાની સાથે જ ૭૩ વર્ષીય આઝાદને ચૂંટણી અભિયાન સમિતિની કમાન સોંપી હતી.

કોંગ્રેસના સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલ દ્વારા જાહેર કરવામાં આવેલા બુલેટિન પ્રમાણે સોનિયા ગાંધીએ જમ્મુ કાશ્મીર કોંગ્રેસ કમિટી માટે ચૂંટણી અભિયાન સમિતિ તથા રાજકીય મુદ્દાઓની સમિતિ (પીએસી) સહિત ૭ સમિતિઓની પણ રચના કરી હતી.

તૃતિય વાર્ષિક પુણ્યતિથિએ

**ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
વિદાય લે છે માનવી પોતે, પણ માનવીના કામ જીવે છે.

ઈશ્વર આપના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના..




**શહીદ સંજયકુમાર એમ. સાધુ**
પોલીસ ઈન્સ્પેક્ટર, બીએસએફ
સ્વ. તા. ૧૮/૮/૨૦૧૯

એજ લી.

અંજના સંજયકુમાર સાધુ (પત્ની)
શ્રદ્ધા સંજયકુમાર સાધુ (પુત્રી)
આસ્થા સંજયકુમાર સાધુ (પુત્રી)
ઓમ સંજયકુમાર સાધુ (પુત્ર)